# ડૉ.બાબાસાહેબ આંબેડકરના વિચારોની પ્રસ્તુતતા

પ્રો. કેતુલભાઈ કિરીટભાઈ પરમાર

**સારાંશ**

'હું એક એવો આદર્શ સમાજ ચાહું છું. જે સ્વાતંત્ર્યતા, સમતા અને બંધુત્વ પર આધારિત હોય' એવું કહેનાર તથા સમતા, સમાનતા માટે જીવનભર પ્રવૃત રહેનાર ડૉ.બી.આર. આંબેડકર ભારતના બંધારણના ઘડવૈયા, અર્થશાસ્ત્ર અને કાયદાના પ્રકાંડ પંડિત અન પ્રખર રાષ્ટ્રભક્ત હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકર માત્ર એક નામ અથવા એક વ્યક્તિ નથી, પરંતુ એક કરતાં વધુ વ્યકતિત્વો નો સુભગ સમન્વય છે, એક કરતાં વધુ વૈશિષ્ટ્યનું દૈવ નિર્મિત ઐક્ય છે. એક કરતાં વધુ નૈપુણ્યનાં સ્વામીનું સરનામું છે. તેજસ્વીતા, વૈચારિક સ્પષ્ટતા અને પ્રામાણિકતા નું જીવંત પ્રતિક એટલે ડૉ. બાબાસાહેબ આંબેડકર. ભારતીય ઈતિહાસમાં સૌથી વધુ અન્યાય જે મહાપુરુષો, રાષ્ટ્રનાયકોને થયો એમાં સૌથી આગળનું વ્યક્તિત્વ એટલે ડૉ. ભીમરાવ રામજી આંબેડકર. એક રાષ્ટ્રીય નેતાને કોઈ સમૂહ વિશેષનાં નેતા બનાવી દેવાનું પાતક કદાચ એટલા જ માટે થયું હશે કે સૂર્ય સમાન દિપ્તીમાન ભીમરાવની આભાથી કદાચ ક્યાંક કોઈની વ્યક્તિગત સિમિત પ્રતિભા સંપૂર્ણપણે ઢંકાઈ જવાનું જોખમ હશે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો પ્રાદેશિક, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય મંચ પરથી ભાષણ સ્વરૂપે પ્રગટ કર્યાં છે. ઉપરાંત તેમનાં પુસ્તકોમાં પ્રસ્તુત કર્યાં છે. એમનાં વિષયોનું ફલક માત્ર રાજનીતિ પૂરતું મર્યાદિત નથી, એમણે સામાજિક, આર્થિક, ધાર્મિક, કાયદાકીય, સંવિધાનિક, ઈતિહાસ, શિક્ષણ જેવાં અનેક વિષયોમાં વિસ્તરેલું છે. જો ખરેખર ડૉ. બાબાસાહેબ આંબેડકરને સમજવા હોય તો કયા ડૉ. બાબાસાહેબ આંબેડકર ને સમજવા? કારણ કે ડૉ બાબાસાહેબ આંબેડકર સમાજશાસ્ત્રી છે, ડૉ બાબાસાહેબ આંબેડકર ઈતિહાસકાર છે, ડૉ. બાબાસાહેબ આંબેડકર અર્થશાસ્ત્રી છે, ડૉ. બાબાસાહેબ નૃવંશશાસ્ત્રી છે, શિક્ષણવિદ્ ડૉ. બાબાસાહેબ આંબેડકર છે, કાયદાવિદ્ છે, ડૉ. બાબાસાહેબ આંબેડકર સંવિધાન નિષ્ણાત છે, ધર્મપુરૂષ છે, ડૉ. આંબેડકર, રાષ્ટ્રનાયક છે. ડૉ બાબાસાહેબ આંબેડક અને આ પ્રત્યેક વ્યક્તિત્વ એક મહાપુરુષમાં સમાવિષ્ટ છે.

**ચાવીરૂપ શબ્દો :** વિચારોની પ્રસ્તુતતા, શૈક્ષણિક, સામાજિક, રાજકીય, સ્ત્રી-સશક્તિકરણ

## ૧. પ્રસ્તાવના

ડૉ.બાબાસાહેબ આંબેડકરે ભારત દેશ માટે કામ કર્યું હતું અને તેથી જ તે પૂજનીય છે. બાબાસાહેબ આંબેડકર એક ક્રાંતિનું નામ છે, જેનો ખાસ કોઈ પરિચય આપવાની જરૂર નથી. મૂલત: તેઓ ઉચ્ચબુદ્ધિ અભ્યાસી, સમાનતાવાદી જીવનમાં માનનાર, રાજકીય ચિંતક અને સામાજિક ક્રાંતિકારી હતા. ભારત દેશના નવનિર્માણમાં તેમનું રાજકીય, સામાજિક, રાષ્ટ્રીય, ધાર્મિક અને સાંસ્કૃતિક ચિંતન અને પ્રદાન ચિરસ્મરણીય અને વિશ્વમાન્ય બની રહ્યું છે. ભારતના બંધારણના ઘડવૈયા અને હિન્દુસ્તાનના વિવાદાસ્પદ ધર્મપ્રેરિત સામાજિક રચનાને પડકારીને, નૂતન સમાનતાવાદી વિચારશરણીવાળી સામાજિક રચનાની ખેવના કરીને, એના માટે ક્રાંતિની અહાલેક જગાડનાર ડૉ.બી.આર.આંબેડકર માત્ર આદર્શવાદી વિચારક કે સંવેદન પ્રસૂત ચિંતક ન હતા, તેઓ સાચા અર્થમાં પૂર્ણ અભ્યાસી, ઉચ્ચબુદ્ધિ વિદ્વાન, સામાજિક, ધાર્મિક, રાજકીય ચિંતક, અને એના માટે પ્રતિબદ્ધતાપૂર્વક મથનાર અદ્વિતીય અનન્ય નેતા હતા. તેમેણે રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે ભારત દેશમાં નૂતન વિચારો પ્રવર્તાવતા પહેલા અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ઈતિહાસ ઈત્યાદીનો ઊંડો અને તર્કપૂર્ણ અભ્યાસ કર્યો હતો. ત્યારપછી તેમણે ભારતની રાષ્ટ્રીય એકતા, સામાજિક સમાનતા, ધાર્મિક સમાનતા અને રાજનૈતિક મૂલ્યવત્તા ઉપર ચિંતનીય વિચારો રજુ કર્યા.

## ૨. ડૉ.બાબાસાહેબ આંબેડકરના વિચારો

### *૨.૧ ડૉ.બાબાસાહેબ આંબેડકરના શિક્ષણ અંગેના વિચારો*

"ડૉ.બાબાસાહેબ આંબેડકરના મતે ઉચ્ચ શિક્ષણ દ્વારા સમાજમાં રચનાત્મક વિચારો અને તાર્કિકતાને ઝડપથી વિકસાવી શકાય તેઓ કહે છે."

"Higher education in my opinion means that education, which can enable you to occupy the strategically important places in state administration, and obstacles, but they are over coming there and progression ahead."

ડૉ.બાબાસાહેબ આંબેડકરના શિક્ષણ અંગેના વિચારોમાં જ્હોન ડ્યુઈની વિચારસરણી જેવી કે વૈજ્ઞાનિક પદ્ધતિ, પ્રયોગાત્મક અભિગમ, લોકશાહી અને વ્યવહારવાદની ખૂબ જ અસર જોવા મળે છે. તેઓ બહિષ્કૃતોને કહેતા કે, 'સંગઠન અને સંઘર્ષ માટે શિક્ષણ પ્રાપ્ત કરો.' જે કાંઈ શૈક્ષણિક સુવિધાઓ છે તેનો મહત્તમ ઉપયોગ કરી જીવન સુધારણાને પ્રાધાન્ય આપવાનો આગ્રહ રાખતા હતા. તેઓ ભારપૂર્વક કહેતા કે વ્યક્તિગત વિકાસ અને સામાજિક પરિવર્તન માટે શિક્ષણ જ મહત્વનું છે. શિક્ષણ જ ધનવાન અને ગરીબવચ્ચેની ભેદરેખા દૂર કરી શકે છે. કચડાયેલાં વર્ગોના જીવનમાંથી અન્યાય અને શોષણ દૂર કરવા માટે શિક્ષણ પ્રેરણા આપે અને મુક્ત વિચારસરણી ખીલવે છે. ડૉ.આંબેડકરના મતે અભ્યાસની જવાબદારી માત્ર યુનિવર્સિટી પૂરતી મર્યાદિત ન રાખતા કોલેજોને પણ તેમાં સાંકળવી જોઈએ. ડૉ. આંબેડકરના માટે ઉચ્ચ શિક્ષણ દ્વારા જ બુદ્ધિમાન, નૈતિક અને લોકશાહી સમાજની રચના શક્ય છે.

### *૨.૨ ડૉ.બાબાસાહેબ આંબેડકરના સામાજીક વિચારો*

ડૉ. આંબેડકર મહાર જ્ઞાતિના હતા અને અસ્પૃશ્ય લોકોની પીડા અને અપમાનન તેમને પણ જાત અનુભવ હતો. અસ્પૃશ્યતાના મુળિયા શોધવા તેમને ખૂબ જ ગહન સંશોધન કર્યું. તેમના પુસ્તક "The Untouchables", "The Shudra, Who are They?" અને "Caste in India, its Mechanism, Genesis and development" માં તેમણે વર્ણ વ્યવસ્થાન ખૂબ જ ઊંડાણ પૂર્વક અભ્યાસ કર્યો છે. તેમના ઈતિહાસ, સમાજશાસ્ત્ર તથા માનવ-નૃવંશશાસ્ત્રની ઊંડી સમજ તેમના આ પુસ્તકોમાં પ્રતિબિંબ થાય છે. તેમણે તેમના લખાણોમાં પ્રતિપાદિત કર્યું છે કે હિંદુ સમાજ વ્યવસ્થા પર આધારિત છે. તેમના નિબંધ "Hindu Social Order :Its essential Principles" માં જણાવેલું છે કે હિંદુ સમાજ વ્યવસ્થામાં માનવ અધિકારોને કોઈ સ્થાન નથી. તેમાં વ્યક્તિનું કોઈજ મહત્વ નથી. તેમાં મહત્વ છે માત્ર વર્ણ અને વર્ગનું.

ડૉ. આંબેડકરે ન્યાયી સમાજની રચના કેવી રીતે થઈ શકે તે અંગે ઊંડું ચિંતન કરેલું હતું. જે તેમના લખાણોમાં જોવા મળે છે. ભારતમાં પ્રવર્તતી વર્ણ વ્યવસ્થા ભારતીય સમાજનું બહુ મોટું અનિષ્ટ છે. તેથી ભારતમાં ન્યાય સમાજની રચના થઈ શકી નથી. વર્ણપ્રથાને નાબુદ કરવા માટે ભારતમાં પ્રવર્તટી કેટલીક ધાર્મિક માન્યતાઓનો છેદ ઉડાવવો પડે. ડૉ. આંબેડકરે જણાવેલું કે સ્વતંત્રતા, સમાનતા અને ભાઈ-ચારા સાથે સુસંગત એવા નવા સિદ્ધાંતો હિંદુ ધર્મમાં રચવા પડે. સમાનતા વિરોધી નિયમો હિંદુ શાસ્ત્રોમાંથી સપૂર્ણ પણે દૂર કરવા જોઈએ. તેમણે શીખ અને ઈસ્લામના ઉદાહરણો આપતા કહ્યું હતું કે આ ધર્મમાં જીવનના સંગઠિત રૂપ નો સિદ્ધાંત ન્યાયી અને સમાનતાભર્યા સમાજની રચના માટે અપનાવવામાં આવે છે. ડૉ. આંબેડકર વ્યવહારૂ ચિંતક હતા. તેઓ જાણતા હતા કે હિંદુ સમાજમાં જ્ઞાતિપ્રથાના મુળિયા ખુબજ ઊંડા છે અને ઉચ્ચવર્ગના લોકો સમાનતાની વાતનો સ્વીકાર કરે તેમ નથી. તેથી તેમણે દલીતો અને અસ્પૃશ્યોને હાકલ કરીને તેઓ શિક્ષણ મેળવે, ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજે અને આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરે. એક વાર વ્યક્તિ સમાજમાં ઉચ્ચ સ્થાને પહોચે પછી તેને ઉચ્ચવર્ણના લોકોનું સન્માન પણ પ્રાપ્ત થશે જ. એક વખત સન્માનનીય સ્થાને પહોચવામાં આવેતો જુનવાણી ધાર્મિક માન્યતાઓ પણ તૂટવા લાગશે.

### *૨.૩ ડૉ.બાબાસાહેબ આંબેડકરના રાજકીય વિચારો*

ડૉ. આંબેડકરની રાજકીય વિચારધારા પણ માનવ જીવન, માનવ કલ્યાણ અને સમાનતાના સિદ્ધાંતો સાથે સંલગ્ન હતા. તેઓ સંસદીય પ્રણાલીના હિમાયતી હતા. જેના ત્રણ મહત્વના લક્ષણો છે. મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી, એક હથ્થુ અને એક પક્ષીય સત્તાથી મુક્ત વ્યવસ્થા અને ચુંટાયેલા જન પ્રતિનિધિઓમાં જનતાનો વિશ્વાસ. તેઓ સંસદીય પ્રણાલીમાં સ્વતંત્રતા અને સમાનતા વચ્ચે સમતુલા જળવાતી નથી તે ક્ષતિથી પણ પરિચિત હતા. આમ છતાં રાજકીય લોકશાહીનો અન્ય કોઈ વિકલ્પ નથી

તેમ તેઓ માનતા હતા. લોકશાહી સુચારુ રીતે ચાલે તે માટે સામાજીક અને આર્થિક પાયો સબળ અને સક્ષમ હોવો જોઈએ તેમ તેઓ દૃઢપણે માનતા હતા. તેથી જ સમાજવાદને તેમણે બંધારણનો હિસ્સો બનાવ્યો હતો. સામાજીક અને આર્થિક સંસ્થાઓ જન કલ્યાણ લક્ષી હોવા જોઈએ તો જ સંસદીય લોકશાહી અર્થપૂર્ણ બને તેવી તેમની દૃઢ માન્યતા હતી.

ડૉ. આંબેડકરના મત મુજબ રાજ્ય એક અગત્યની સંસ્થા છે. જે તેના નાગરિકોના અધિકારો, સમાનતા, સ્વતંત્ર્યતા અને કલ્યાણ માટે કામ કરી શકે. તેનું સૌથી અગત્યનું અને પ્રાથમિક કાર્ય છે જનતાના અધિકારોની જાળવણી, વાણી સ્વાતંત્ર્ય, ધર્મ પાળવાનું સ્વાતંત્ર્ય અને માનવ કલ્યાણ છે. બીજું કાર્ય છે સામાજીક, રાજકીય અને આર્થિક અસમાનતા દૂર કરવાનું. જેમાં વંચિતો અને શોષિતોને સમાનતા માટેની તકો પૂરી પાડવાનું કાર્ય પ્રાથમિક માંગી લે છે. તેઓ માનતા હતા કે રાજ્ય કોઈ અલગ અને સ્વયં પોતાની જાતને પોષાતી સંસ્થા નથી, તે એવી સ્વૈચ્છિક સંસ્થા છે જેમાં લોકો સમાજ અને રાજ્ય વચ્ચેના આંતર સંબંધો અસ્તિત્વ ધરાવે છે. માનવ માટે માત્ર રાજકીય સ્વાતંત્ર્ય પુરતું નથી, તેમાં રાજકીય, આર્થિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક સ્વાતંત્ર્ય પણ પ્રાપ્ત થવી જોઈએ. રાજ્ય સાધ્ય નથી પરંતુ માનવ કલ્યાણ અને ભાવી સમાજના હિત-પ્રાપ્તિનું સાધન છે. ડૉ. આંબેડકર માનતા હતા કે માનવ હક્કોનું રક્ષણ માત્ર કાયદાઓથી શક્ય બનતું નથી પરંતુ તે સમાજના નૈતિક અને સામાજીક અંતરાત્માના અવાજ અને સહિષ્ણુતા પર આધાર રાખે છે.

### ***૨.૪ ડૉ.બાબાસાહેબ આંબેડકરના સ્ત્રી-સશક્તિકરણ અંગે વિચારો***

ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્ત્રીને સમાજનું આભૂષણ ગણાવતા. ભારતીય સમાજ રચનામાં સ્ત્રીઓની દયનીય સ્થિતિ જોઈ, અનુભવી તેનાથી દ્રવિત થઈ તેઓએ સ્ત્રી સ્વતંત્ર્યતા માટે આજીવન લડત ચલાવી. બાબાસાહેબ આંબેડકર માત્ર પુરુષો વચ્ચેની જ સામાજિક સમાનતા નહોતા ઈચ્છતા પણ તેઓ સ્ત્રી પુરૂષ વચ્ચે પણ સમાન દરજ્જો અને ગૌરવ ઈચ્છતા હતા. ડૉ. આંબેડકરે ૨૦/૦૭/૧૯૪૨ના રોજ નાગપુર ખાતે મળેલી 'અખિલ ભારતીય દલિત વર્ગ મહિલા પરિષદ' ખાતે એ વાત ઉપર ભાર મુક્યો હતો કે સ્ત્રીઓની પ્રગતિ વિના રાષ્ટ્રની પ્રગતિ થઈ શકે નહી. મહિલાઓએ સ્વચ્છ રહેવું જોઈએ, અને તમામ પ્રકારના દૂષણોથી દૂર રહેવું જોઈએ.

ડૉ. આંબેડકરે મહિલાઓના ઉત્થાન માટે એપ્રિલ ૧૯૪૭માં ધારાસભામાં એક મુત્સદીરૂપ 'હિંદુ કોડ' દાખલ કરાયો હતો. સુધારા વધારા સાથેની આવૃત્તિ બંધારણ સભામાં ૧૨ ઓગસ્ટ ૧૯૪૮માં રજૂ થઈ. બંધારણનો સ્વીકાર થયા બાદ આંબેડકરને એક નવુ હિંદુ કોડ બિલ ઘડવાની જવાબદારી સોંપવામાં આવી. આ હિંદુ કોડ બિલમાં જન્મ દ્વારા અધિકારના સિદ્ધાંતની નાબૂદી, સ્ત્રીઓને મિલકતનો અધિકાર, માં-બાપની મિલકતમાં પુત્રીઓને અધિકાર અને છૂટાછેડા માટેની જોગવાઈ તેમાં પતિ દ્વારા પુત્ર દત્તક લેવાય તો તેમાં પત્નીની સંમતિ જોઈએ એવી જોગવાઈ પણ હતી.

ડૉ.બાબાસાહેબ આંબેડકરે ભારતીય સ્ત્રીઓ એક થાય તથા દેવદાસી, ભિક્ષાવૃતિ, વેશ્યાવૃત્તિ જેવા ગંદા વ્યવસાયોમાંથી પોતાની બહેનોને બહાર લાવે એ તેઓ પોતાની પ્રથમ ફરજ સમજતા હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકરે પુસ્તકો અને ભાષણો દ્વારા તો મહિલાઓને સામાજિક રીતે જાગૃત કરી જ હતી પણ તેમણે સમાજમાં બંધારણીય રીતે પણ મહિલાઓને પોતાના અધિકારો જાહેરમાં મળે તે માટે તેમણે બંધારણમાં પણ એવી જોગવાઈઓને પ્રાધાન્ય આપ્યું કે જેના લીધે મહિલાઓ પોતાનો સન્માન જનક દરજ્જો પ્રાપ્ત થયો. આવી જોગવાઈઓ આ મુજબ છે :

અનુચ્છેદ ૧૪ : સૌને સમાન કાયદો અને સૌને કાયદાનું સમાન રક્ષણ.

અનુચ્છેદ ૧૫ : ધર્મ, જ્ઞાતિ, જાતિ, લિંગ અથવા જન્મસ્થાનને કારણે કરાતા ભેદભાવનો નિષેધ.

અનુચ્છેદ ૧૬ : જાહેર નોકરીની બાબતમાં સમાનતા.

અનુચ્છેદ ૨૧ : જીવન અને શરીર સ્વાતંત્ર્યનાં અધિકારનું રક્ષણ.

અનુચ્છેદ ૨૩ : મનુષ્ય વેપાર અને બળજબરી થી કરવાની મજુરી ઉપરનો પ્રતિબંધ.

અનુચ્છેદ ૩૯(અ) : સમાન ન્યાય અને મફત કાનૂની સહાય.

અનુચ્છેદ ૫૧ (ચ) : ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાનબંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવાં વ્યવહારો ત્યજી દેવાની.

અનુચ્છેદ ૨૪૩ (ડ) : ચુંટણીમાં મહિલાઓ માટે અનામત બેઠકો રાખવાની જોગવાઈ.

**૩. સમાપન**

ડૉ.બાબાસાહેબ આંબેડકરે હંમેશા માનવને કેન્દ્રમાં રાખીને પ્રત્યેક વિચારો રજૂ કર્યા છે. ડૉ. બી. આર. આંબેડકરે ભારતના સંવિધાનમાં દરેક માનવ સમુદાયને સમાન હક્ક અને અધિકારો આપ્યા છે. એમના રાજકીય અને સામાજિક વિચારોની પ્રસ્તુતતા આજે પણ યથાર્થ છે. ડૉ. બી.આર. આંબેડકરની સામાજિક અને રાજકીય ચિંતન મૌલિક અને વિશિષ્ટ હતું. છેવાડાના માનવીને હક અને અધિકાર મળે એ સંદર્ભે એમણે પોતાના વિવિધ ગ્રંથો અને સામયિકોમાં સ્પષ્ટ વિચારો વ્યક્ત કર્યા છે. આ ઉપરાંત એમણે કરેલાં કાર્યોમાં પણ એમના મૌલિક વિચારોનું સ્પષ્ટ પ્રતિબિંબ જોઈ શકાય છે.

**સંદર્ભ સાહિત્ય**

1. આંબેડકર અને સામાજિક ક્રાંતિની યાત્રા, દતોપંત ઠેગડી, અમદાવાદ-૨૦૦૭.
2. ભારતનું બંધારણ અને રાજનીતિ-એક અભ્યાસ, ડૉ. શહેઝાદ કાઝી, કીસ્વા પબ્લિકેશન-૨૦૧૧.
3. કર્ણિક દેવેન્દ્રનાથ અને ખુમાણ મૂળજીબાઈ (અનુ.) (૧૯૯૩). ડૉ. આંબેડકર : જીવન અને કાર્ય. અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર.
4. મકવાણા, કિશોર (સ.) (૨૦૧૦) સામાજિક સમરસતા. (નરેન્દ્ર મોદી) અમદાવાદ : ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.
5. उपेन्द्रसिंह, (२०१३). डॉ. भीमराव आम्बेदकर का सामाजिक व राजनीतिक चिन्तन, जयपुर :बाबा पब्लिकेशन.